
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, તમને ૧૦૮માં દવાખાને ફ્રીમાં લઈ જતા હતાં ત્યારે જ ખબર પડવી જોઈતી હતી કે પેટ્રોલ ૧૦૮ રૂપિયે તો પહોંચવાનું જ ....!!**

# રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નજર ચુકવી રૂપીયા દાગીના સેરવી લેતી ટોળકીના ૩ સભ્યો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯
ગાંધીનગર શહેરના પેથાપુર વિસ્તારમાંથી રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી તેમની નજર ચુકવી રૂપીયા તેમજ દાગીના સેરવી લેતી ટોળકીના ત્રણ સભ્યોને રીક્ષા સાથે એલસીબી-૨ પોલીસે પકડી પાડી પાંચ ગુનાનો ભેદ ઉકેલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પખવાડીયા પહેલા રાંધેજા ચોકડી પાસેથી એક મુસાફરને રીક્ષામાં બેસાડી ઠગ ટોળકીના સભ્યોએ તેમની નજર ચુકવી ખિસ્સામાંથી રૂપીયા સેરવી લીધા હતા. આ બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયું હતું. જેને પગલે એલસીબી ટીમના સભ્યોએ હ્યુમન રિસોર્સ અને સીસીટીવી કેમેરાના ફુટેજ જોઈ તપાસ શરુ કરવામાં આવી હતી. ત્યારે પૂર્વ બાતમીને પગલે સીએનજી રીક્ષા નં. જી.જે.૨૭.ટી.એ.-૯૪૯૦ માંથી ત્રણ શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા. પોલીસે નામ પુછતા ચિરાગ પ્રેમજીભાઈ સોલંકી (રહે. મકાન-૧૧૫, ઉદયનગર વિભાગ-૩ સ્વસ્તિક ચાર રસ્તા અમરાઈવાડી મુળ- સુરજ તા.કડી જી- મહેસાણા), પદમચંદ ઉર્ફે લખુ ઉર્ફે લખન માધવલાલ જૈન (રહે.ઈન્દીરાનગર-૧, મકાન નં-૨૫ લાંભા) તેમજ હિતેશ ઉર્ફે બટકો બાબુભાઈ સોલંકી (રહે. સ્વસ્તિક ચાર રસ્તા આંબેડકરનગર અમરાઈવાડી, મુળ રહે.અગોલ તા.કડી,જી.મહેસાણા) હોવાનું જણાવ્યું હતું. આ ટોળકીના સભ્યો રીક્ષા લઈને ફરતા રહેતા હતા. જયારે મુસાફરોને બેસાડી તેમની નજર ચુકવી પૈસા તેમજ દાગીના સેરવી લેતા હતા. પોલીસે આરોપીઓ પાસેથી રીક્ષા, ત્રણ નંગ મોબાઈલ ફોન અને અંગજડતી દરમિયાન રોકડા રૂ.૨૮૦૦ મળી કુલ રૂ. ૫૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપીઓએ કબુલાત કરેલ ગુનાઓ

- આજથી આશરે એક દોઢ માસ પહેલા મહેસાણા થી અમદાવાદ તરફના માર્ગ પર પાલાવાસણા ખાતે એક ભાઈને રીક્ષામાં બેસાડી તેમના ખિસ્સામાંથી રૂપીયા કાઢી લીધા હતા.
- અમદાવાદના જશોદાનગર ખાતે ત્રણ માસ પહેલા એક મુસાફરને રીક્ષામાં બેસાડી તેમના પણ રૂપીયા કાઢી લીધા હતા.
- નરોડા પાટીયા નજીકથી આશરે અઢી મહિના પહેલા એક પેસેન્જરને રીક્ષામાં બેસાડી તેની નજર ચુકવી ટોળકીએ રૂપીયા સેરવી લીધા હતા.
- આજથી ત્રણ માસ પહેલા એપોલો સર્કલ થી એક કાકાને રીક્ષામાં બેસાડી તેમના ખિસ્સામાંથી રૂપીયા કાઢી લીધા હતા.



## ખૂણેખાંચરેથી

- ભાજપના અગ્રણી સાધ્વી નિરંજના જ્યોતિ ગઈકાલે ગાંધીનગર આવ્યા હતા.
- ગાંધીનગર સે. ૨૧ના શાકમાર્કેટમાં આજે રાજ્યપાલશ્રીની મુલાકાતને પગલે સ્વચ્છતા જોઈ નગરજનો પણ ચોંકી ઉઠ્યા હતા.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી.
- શહેર-જિલ્લામાં આજે વેક્સિનેશનની કામગીરી ધીમી પડી ગઈ હતી.
- માણસામાં બહુચરાજી મંદિરના પ્રતિષ્ઠા મહોત્સવમાં કેન્દ્રીય સહકાર અને ગૃહમંત્રી અમીત શાહનો પરિવાર પહોંચ્યો હતો. શાહના પત્ની અને પુત્રવધુ ગરબા રમ્યા હતા. આ પ્રસંગે બી.સી.સી.આઈ.ના સેક્રેટરી અને ગૃહમંત્રીના પુત્ર જય શાહ પણ હાજર રહ્યા હતા.
- ગાંધીનગર શહેરને અકસ્માતમુક્ત શહેર બનાવવા જનજાગૃતિ અભિયાન ટ્રાફિક પોલીસ છેડશે. આ માટે હોર્ડિંગ્સ લગાવી ટ્રાફિકના નિયમોના પાલન માટે જણાવાયુ છે.
- ગાંધીનગર શહેરના ખુલ્લા વિસ્તારોમાં ચોમાસાથી ઉગી ગયેલી ઝાડીને સત્વરે દૂર કરવા નગરજનોની માંગ વધી. આ ઝાડીમાં મચ્છરો અને જીવાતનો ઉપદ્રવ થયો હોઈ રોગચાળાનો ભય નગરજનો વ્યક્ત કરી રહ્યા છે.
- શાકભાજીના ભાવમાં ઉછાળો આવતાં નગરજનોનું બજેટ ખોરવાયુ.
- ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઘણુ ઓછુ જોવા મળ્યુ હતુ.

# ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન PCVનો આવતીકાલથી ગાંધીનગર જિલ્લામાં શુભારંભ

ભારત સરકારના દ્વારા નિયમિત રસીકરણ કાર્યક્રમમાં આજથી એક નવી વેક્સિન PCV ને સામેલ કરવામાં આવી છે.આ રસીથી બાળકોને ન્યુમોનિયા તથા મગજ ના તાવ સામે સુરક્ષા પ્રદાન કરવામાં મદદ મળશે. અત્યાર સુધી ટીબી, પોલિયો, ડીપ્થેરિયા, હિપેટાઈટિસ બી, ટીટેનસ, મિસલ, રુબેલા અને રોટા વાયરસ ના જેવી ગંભીર બિમારીથી રક્ષણ આપતી રસી સરકાર તરફથી વિનામૂલ્યે દરેક સરકારી દવાખાનામાં ઉપલબ્ધ છે જેમાં આજથી નવી રસી pcv હવે સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં દરેક સરકારી દવાખાના પર વિનામૂલ્યે મળી રહેશે આ રસી ના કુલ ત્રણ ડોઝ દોઢ મહિને સાડા ત્રણ મહિને અને નવ મહિના બાદ આપવાના રહેશે.

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉનાવા તાલુકો ગાંધીનગર ખાતે થી આ રસી નું શુભારંભ કરવામાં આવશે. આવતીકાલથી ગાંધીનગર જિલ્લાના દરેક ગ્રામ કક્ષા એ મમતા દિવસ પર, સરકારી દવાખાના પર અન્ય રસી ની જેમ કોંજુગેટેડ ન્યુમોકોકલ વેક્સિનઁ ઝફ વિના મૂલ્યે મળી રહેશે.

# રોટરી કલબ દ્વારા નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૧૯
રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા સમર્પણ હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ છે. જે ૨૪મીના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે ઓશિયા મોલની ઉપર કેપિટલ આઈકોન, ૨૦૪, બીજો માળ, સરગાસણ ખાતે યોજાશે. આ કેમ્પમાં ડાયાબિટીસ, હૃદયરોગ, બ્લડપ્રેશર, દમ, ટીબી દરેક પ્રકારના તાવ, ઝાડા, ઉલટી, લીવર, કિડની, મગજના રોગો, થાઈરોઈડના દર્દી લાભ લઈ શકે છે. નિઃશુલ્ક નિદાન કેમ્પ ઉપરાંત રાહત દરે બ્લડ ટેસ્ટ (૫૦ ટકાના દરે)નું આયોજન કરાયું છે.

# સાદરા સંકુલમાં ગૂજરાત વિદ્યાપીઠનો ૬૭મો પદવીદાન સમારંભ ઓનલાઈન યોજાયો

ગાંધીનગર, તા. ૧૯
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરામાં ગૂજરાત વિદ્યાપીઠનો ૬૭મો પદવીદાન સમારંભ ઓનલાઈન યોજાયો જેમાં ભાષા વિદ્યાકીય વિષયો ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી વિષયમાં બી.એ. એમ.એ. વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી. ભાષા વિદ્યાકીય વિદ્યાશાખાના ડીન ડૉ. જસવંત પંડ્યા, ટ્રસ્ટી શ્રીમતી સુરૂચિબેન દેશવાલ, સંયોજક રમેશભાઈ પટેલના હસ્તે ૭૦ વિદ્યાર્થીઓને પદવી અપાઈ. પદવીદાન સમારંભ માટેની પૂર્વતૈયારીમાં સંકુલ-સાદરાના અધ્યાપક ભાઈઓ-બહેનો સેવકોએ સુંદર કામગીરી કરી. સભા સંચાલન ડૉ. દિવ્યેશ ભટ્ટે કર્યુ. જ્યારે આભાર દર્શન ડૉ. બળદેવ મોરીએ કર્યુ અંતે રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરાઈ.




# સેકટર-૨૧ શાક માર્કેટમાં સ્થાપાયેલાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણ કેન્દ્રનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૯
ગુજરાતના રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતે રાજય સરકારના સહયોગથી ગાંધીનગરના સેકટર-૨૧ની શાકમાર્કેટમાં સ્થાપયેલાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનનાં વેચાણ કેન્દ્ર "્રી દ્રૃઠ્ઠૈ ઙ્ઘિૈંફ્ર જીર્રૅ"નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોને વધુને વધુ લોકો સુધી પહોંચાડવા રાજય સરકાર દ્વારા દરેક જિલ્લા મથકે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના વેચાણ કેન્દ્રો સ્થાપવાનું આયોજન હાથ ધરાયું છે. જેના કારણે લોકોને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો સરળતાથી ઉપલબ્ધ થશે અને ખેડૂતોને પ્રારંભિક કૃષિ ઉત્પાદનોનું માર્કેટ મળશે.




ગાંધીનગર ખાતે ફાર્મર પ્રોડયુસર આર્ગોનાઈઝેશન-હ્લ઼ અંતર્ગત શરૂ કરાયેલા આ સરકારી વેચાણ કેન્દ્રનો પ્રારંભ કરાવતા રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી લોકો કેન્સર, ડાયાબિટીસ, હદયરોગ જેવી અસાધ્ય બિમારીનો ભોગ બની રહ્યા છે, ત્યારે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનોના આ વેચાણ કેન્દ્રો દ્વારા લોકોને રાસાયણિક ખાતર અને જંતુનાશકોથી મુક્ત એવો પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો મળી શકશે. એટલું જ નહીં ખેડૂતોને આવા ઉત્પાદનોની યોગ્ય કિંમત પણ મળશે. પ્રાકૃતિક કૃષિને કારણે જળ-જમીન અને પર્યાવરણનું રક્ષણ થશે. દેશી ગાયનું જતન- સંવર્ધન થશે અને ખેડૂતોની આવક વધશે. જેના કારણે વડાપ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ-૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાનું સપનું સાકાર થશે. રાજયપાલશ્રીએ આ તકે વધુને વધુ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વાપરવા લોકોને આગ્રહ પણ કર્યો હતો.



આ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કેન્દ્રના શુભારંભ પ્રસંગે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કાર્પોરેશનના મેનેજીંગ ડિરેકટર મહેશસિંગ, આત્માના સ્ટેટ નોડલ ઓફિસર ડી.વી. બારોટ, ગુજરાત રાજય બીજ નિગમના મેનેજીંગ ડિરેકટર પી.એસ. રબારી, નાયબ બાગાયત નિયામક ડી.જે. પટેલ, આત્મા પ્રોજેકટના ડાયરેકટર બી.એમ. પટેલ, જિલ્લા ખેતીવાડી અધિકારી બી.આર. પટેલ સહિત આમંત્રિત વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજ્યમાં સેવાસેતુ કાર્યક્રમનો સાતમો તબક્કો

# ૨૨ ઓકટોબરથી આગામી ૫ મી જાન્યુઆરી-૨૦૨૨ સુધી યોજાશે

ગાંધીનગર, તા. ૧૯
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના નાગરિકો-લોકોની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલ-નિવારણની ગતિને વધુ પારદર્શી અને વેગવંતી બનાવવા રાજયવ્યાપી સેવાસેતુ કાર્યક્રમનો સાતમો તબક્કો યોજવાનો જનહિત નિર્ણય કર્યો છે. રાજયમાં આ અંતર્ગત તા. ૨૨ ઓક્ટોબર-૨૦૨૧ થી ૫ જાન્યુઆરી-૨૦૨૨ સુધીમાં ૨૫૦૦ સેવાસેતુ કાર્યક્રમો યોજાશે.

મુખ્યમંત્રીના આ નિર્ણય અનુસાર સેવાસેતુ કાર્યક્રમના સાતમા તબક્કામાં દર અઠવાડિયે બે દિવસ એટલે કે શુક્ર અને શનિવારે સવારે-૯ થી સાંજે ૫ વાગ્યા સુધી સેવાસેતુનું આયોજન કરાશે. આ સેવાસેતુમાં રાજય સરકારના જુદા જુદા ૧૩ વિભાગોની ૫૬ જેટલી સેવાઓ કેમ્પ દરમ્યાન પૂરી પાડવામાં આવશે.

આવા સેવાસેતુ કાર્યક્રમ માટે ગ્રામ્યકક્ષાએ ૬ થી ૮ ગામો વચ્ચે એક કેમ્પ તેમજ શહેરી વિસ્તારોમાં મહાનગરોમાં આ સમયગાળામાં ૪ થી ૧૦ સેવાસેતુ તથા નગરપાલિકા વિસ્તારોમાં ૪ થી ૫ વોર્ડનું એક યુનિટ બનાવીને તમામ નગરપાલિકાઓમાં ૨ થી ૩ સેવાસેતુ કાર્યક્રમો યોજવાનું આયોજન છે. સેવાસેતુ યોજાશે તે કાર્યક્રમ સ્થળે રાજય સરકાર નોટરી, ઝેરોક્ષ, કોમ્પ્યુટર્સ, પ્રિન્ટર્સ, ફોટોગ્રાફી જેવી જરૂરી સુવિધાઓ મળી શકે તેવી વ્યવસ્થાઓ ગોઠવશે.

એટલું જ નહિ સિનીયર સિટીઝન્સ અને દિવ્યાંગ અરજદારો-રજુઆત કર્તાઓ માટે અલાયદી યોગ્ય વ્યવસ્થા સુનિશ્ચિત કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શાસન દાયિત્વ સંભાળ્યું ત્યારથી જ વહીવટમાં કાર્યક્ષમતા, સંવેદનશીલતા અને જવાબદારીપણાને સરકારના હાર્દરૂપ ગણ્યા છે.






# એમેચ્યોર ફેન્સીંગ એસોસિએશન ઓફ ગુજરાતના પ્રમુખ-મંત્રી સહિત હોદેદારો બિન હરીફ ચુંટાયા

**પ્રમુખ તરીકે મુકેશ ચૌધરી, મંત્રી તરીકે ભરતજી ઠાકોર અને ખજાનચી તરીકે રીજ્ઞેશ ચૌધરી બિન હરીફ**

ગાંધીનગર,તા.૧૯
એમેચ્યોર ફેન્સીંગ એસોસિએશન ઓફ ગુજરાત સ્ટેટની સ્પેશ્યલ જનરલ બોડીની મીટીંગ પેથાપુર-મહુડી માર્ગ પર આવેલા હોલી-ડે હોલ કલબ રીસોર્ટ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં વર્ષ ૨૦૨૧-૨૦૨૫ માટે કારોબારીની રચના કરવામાં આવી હતી. ચુંટણી પ્રક્રિયા માટે રીટાયર્ડ પ્રિન્સીપલ જજ ડી.એલ.પટેલની નિયુકત કરવામાં આવ્યા હતા. જેઓની દેખરેખ હેઠળ સમગ્ર ચુંટણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ચુંટણી પ્રક્રિયા દરમિયાન ફેન્સીંગ એસોસિએશન ઓફ ઈન્ડીયાના ઓબ્ઝર્વર તરીકે હરપ્રિત સીંઘ અને રાજય સરકાર તરફથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના ઓબ્ઝર્વર તરીકે જિલ્લા કોચ કૌશિક પટેલ હાજર રહ્યા હતા.




ચુંટણી પ્રક્રિયા દરમિયાન તમામ હોદેદારો બિન હરીફ વિજેતા જાહેર થયા છે. જેમાં પ્રમુખ તરીકે મુકેશ ચૌધરી (પ્રમુખ બિલ્ડર્સ), ઉપપ્રમુખ તરીકે અહમદ શેખ, ઈશ્વરભાઈ રાવળ, જીગ્નેશ નકુમ, શિતલબેન પુવાર, મંત્રી તરીકે ભરતજી ઠાકોર, સહમંત્રી તરીકે આરીફ સૈયદ, અમરસિંહ ઠાકોર, ભાવિન કટારીયા, દ્રષ્ટિ પટેલ, ખજાનચી તરીકે રીજ્ઞેશ ચૌધરીનો સમાવેશ થાય છે. જયારે એકઝકયુટીવ મેમ્બર તરીકે ભરત સોલંકી, ભુપતસિંહ સરવૈયા, દિવ્યા ઝાલા, હેતલકુમાર મહિડા, ક્રિપાલસિંહ પુવાર, મહાવીરસિંહ રાઠોડ, મેહુલકુમાર ઝાલા, નટવરભાઈ પસાયા, રીતુ ચૌધરી, અને સુરેશ પટેલને બિન હરીફ ચુંટાયેલા જાહેર કરાયા હતા.

એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના માન્ય ૨૨ જિલ્લામાંથી દરેક જિલ્લાના ૨ પ્રતિનિધી અને પ્લેયર બોર્ડ માંથી એક પુરૂષ ખેલાડી અને એક મહિલા ખેલાડી સહિત ૪૬ વ્યકિતનું ઈલેકશન લીસ્ટ તૈયાર કરાયુ હતું. ત્યારબાદ ઉમેદવારી પત્ર ભરવા, ઉમેદવારી પત્રોની ચકાસણી કરવી, ફોર્મ પરત ખેંચવાની તારીખ સહિતની તમામ ચુંટણી પ્રક્રિયા રીટાયર્ડ ડીસ્ટ્રીકટ પ્રિન્સીપલ જજ ડી.એલ.રાઠોડની દેખરેખ હેઠળ કરવામાં આવી હતી. જેમાં તમામ ઉમેદવાર બિનહરીફ જાહેર થયા હતા. પ્રમુખ મુકેશ ચૌધરી અનો મંત્રી ભરતજી ઠાકોરનો ચુંટાયેલા તમામ હોદેદારો અને સભ્યોએ વધાવી લઈને શુભેચ્છા પાઠવી હતી.